અગ્નિ કાવ્ય.

(ઈ. સ. ૧૮૮૯માં શેહેર સુરતમાં લાગેલી મોટી આગનું વર્ણન.)

કર્તા

મગુભાઈ રામશંકર જાની.

આસિસ્ટંટ માસ્તર ગવરમેંટ હાઇ સ્કૂલ

સુરત.

અને

નામદાર મહારાજા સર શિવાજીરાવ ગાયકવાડ જી. સી. એસ આઇ.નું જીવન ચરિત્ર, હિંદુસ્થાનની ભૂગોળ, કિર્તનસારસંગ્રહ, નારીમિત્ર અને નનીમિત્ર ગાને મનબગીચા અને જીવનન હેરતની વાત, કેનસરકીનાગાઇડ. શ્રી પુરૂષોત્તમ નારાયણ ભગવાનના સ્વરૂપના જ્ઞાનનો નિબંધ. એ સર્વ પુસ્તકના રચનારે પ્રસિધ્ધ કીધું.

સુરત વિક્ટોરિયા પ્રેસમાં

મંછારામ ઘેલાભાઈએ છાપ્યું.

સંવત ૧૯૪૫. સને ૧૮૮૯.

કિમ્મત આના ૨.

ગ્રંથાર્પણ.

સ્રગ્ધરાવૃત્ત.

સૃષ્ટીનો મધ્યબિન્દુ, નવગ્રહ વચમાં, સ્થાન જેણે કર્યું છે,
બ્રહ્માંડે તેજ ફેંકી, તિમિર અરિતણું જોર જેણે હર્યું છે;
અગ્નીનું મૂળ જેમાં, શ્રુતિ કવિ વદતાં, દેવ હે સૂર્ય મ્હોટા,
પુત્રી તાપી તમારી, નજીક રહિ છતાં, પુત્ર મારે છે સોટા. ૧

શાર્દૂલવિક્રીડિત વૃત.

તાપી સૂર્ય તણી સલૂણિ દુહિતા, આશ્રા તમારા તળે,
આવીને વસનારને દુખ વિશે, શું સાહ્યતા ના મળે?
તારા દાસતણી અપાર કિરતી, ઉદારતા તેટલી,
પોત્રોએ વળિ આગથી પિડિત માટે, થેલીઓ મોકલી. ૨
ડાહ્યાભાઈ તથા વિવેક નિધિએ, દામોદરે આ સમે,
જાણી દાઝ ગરીબની સુમનથી, તે આ કવીને ગમે;
તેથી પ્યાર વધી ઉમંગ ઉરમાં, આણી કરૂં વીનતી,
અર્પું છું લઘુ કાવ્ય આ સુ-હૃદ તે, સ્વીકારશો સૂમતી. ૩
વિનંતી વળિ હું વિશેષ કરવા, આજ્ઞા લઉં હિમ્મતે,
જેના દાસ હતા પિતાજી ગુણવંતા, માત તાપીજ તે;
તે તો શેર બહાર છે વિચરતાં, તે ભાઈને ના ગમે,
વારંવાર ખુવાર તેથિ કરતો, રીસાઈ ઝાઝો દમે. ૪
માટે આપ વિચારવંત ગુણિ, બીજા બંધુઓને મળી,
અંતે ઉદ્યમ આદરો, નરમતાથી મેળવી મંડળી;

તાપી માતનિ સ્થાપના નગર વચ્ચે, ભાવિને જો કરો,
તેના ભાગ્ય તણી શમાવિ રિસ, દુઃખો સૂરતીનાં હરો. ૫.

તા૦ ૨૦-૪-૮૯. }
મુ૦ કતારગામ. }

કર્ત્તા.
બ. રા. જાની.
વતની એરથાણના

અગ્નિ કાવ્ય.

(ઇ. સ. ૧૮૮૯માં શેહેર સુરતમાં લાગેલી મ્હોટી આગનું વર્ણન.)

ઇશ્વર સ્તુતિ.

આર્યાવૃત્ત.

અંતર્યામિ અનાદી, બાપ જગતના સદા ચિદાનંદ.
લાગે ચરણ વિષે આ, લઘુ બાળક જે અતી મતીમંદ. ૧.

શાર્દૂલવિક્રીડિત વૃત્ત.

દેવા વિશ્વપતી અતી શુભ મતી, આપો કરૂં વિનતી,
બ્રહ્માની અદ્ભુત આ જગ કૃતી, ની થાય કેવી ગતી;
સ્વાભાવિક બનાવ રોજ બનતાં, દાડા બધા નિર્ગમે,
મ્હોટું રાક્ષસ રૂપ સંકટ પડે, તે કોઇને ના ગમે. ૨.
જે જે નીયમ તેં રચ્યા જગતની, સ્થીતી ખડી રાખવા,
આકાશે વળિ તત્વ ચાર ફરતાં, ભૂ અગ્નિ પાણી હવા;
એ વીરાટ સ્વરૂપ ધારણ કરે, ત્યારે ખુવારી થતી,
પ્રાણી માત્ર પિડાયને જડ ચિજો, સૌ નાશ પામી જતી. ૩.
કીધી તેં કિરતાર વસ્ત સઘળી, તે ઊપયોગી બધી,
બાંધેલી હદ માંહે ભોગ કરવો, જાવું ન સીમા વધી;
જાતાં તે હદપાર તેજ સુખની, વસ્તુ બને દુઃખદા,
એવો નીયમ તો જણાય મુજને, આવી પડે આપદા. ૪.
અગ્ની છે ઉપયોગનો જગતને, ચાલે ન તેના વિના,
તોએ તે હદ મૂકિને જગવતાં, બૂરી બનાવે બિના;

દખાડયું નજરે બધી સુરતને, પ્રત્યક્ષ એ પારખું,
તેનું ટુંક બયાન આ લઘુમતિ, શક્તી ચલાવી લખું. ૫.
હિંદુસ્થાનની પશ્ચિમે જળનિધિ, આરબ્બી જે નામનો,
તેની કોર વિશે વસ્યું નગર જ્યાં, હૂકૂમ ઈંગ્રેજનો;
મ્હોટા મોહમઈ થકી ઉતરતું, પશ્ચિમમાં શેર એ,
તાપી નામ નદી તહાં ઉદધિ, સાથે બાથ ભીડી રહે. ૬.

સુરતની ચઢતી તથા પડતીનું ટુંક વર્ણન.

ગરબી.

ભલી પૂરણ ભાવે પ્રકટીરે, વર્નાકયુલર સોસાયટી. એ રાગ.

સુરત સુંદર મૂરતનીરે, તુરત બની તાતી માતી;
વેપારી ત્યાંના વતનીરે, પામ્યા પરદેશે ખ્યાતી. ૧.
વેપારનું મ્હોટું બંદરરે, માલ બધો યૂરપ કેરો;
ફેલાએ દેશનિ અંદરરે, નવાબને આપી વેરો. ૨.
ચઢતી દિનદિનપર વધતીરે, હુન્નર કારીગર કેરી;
રૈયત રાજાને ગમતીરે, અક્કલવંત અતી લ્હેરી. ૩.
એ પૂર્ણ દશાને પામીરે, અદેખાઇ આવે એવી;
નહિ રહી એક પણ ખામીરે, નગરી એ જોવા જેવી. ૪.
પણ "અસ્ત ઉદયના નીયમ",રે કુદરતના એને લાગ્યા,
પડતી થાવા પરવત સમરે, કારી ઘા જબરા વાગ્યા. ૫.
અઢારસેં ત્રાણું સાલેરે, આગ અહીં મ્હોટી લાગી;
તે સાંભરી આજે સાલેરે, સૂરતને કીધી નાગી. ૬.
પરિણામ બને બહુ માઠારે, કોપ થતાં જ્યાં આસુરી;

લોકો છોડીને નાઠારે, વસ્યા ઘણા મુંબાપુરી. ૭.
એ પૂર્વ તણા પ્રકાશેરે, પડતામાં, પણ ચકચકતું;
ઉપર ઉપરથી ભાસેરે, નબળી હાલતમાં રમતું. ૮.
વળિ અનેક આફત ન્હાનીરે, વચગાળ આવી અડતી;
તે જણાય નહિ પણ છાનીરે, ગરીબ જનને બહુ નડતી. ૯.
એમ દિન દિન પડતી ચાલીરે, સૂરત બીચારી બગડી;
ધનમાલ થયા સૌ ખાલીરે, હૈયામાં લાગે સગડી. ૧૦.
કોઇ દેશાવરથી લાવેરે, પૈસા પેદા કરિ બ્હોળો;
તે તારા પેઠ જણાવેરે, તેજ તણો જાણે ગોળો. ૧૧.
પણ ઘણો ભાગ છે સૂનોરે, જે દેશાવર નહિ જાયે;
ખરિ પડે કરાનો ચૂનોરે, દ્રવ્ય વગર શું સમરાયે. ૧૨.
અડધો ઘટ જેમ છલકાયેરે, તેમ ઉછાળા બહુ મારે;
લપડાક લગાવી ગાલેરે, મ્હોડું લાલ કરે ભારે. ૧૩.
જે ચણો હોય છે ખાલીરે, વાગે તે ખાગુ ખાગુ જાદે;
એમ સૂરત મારી વ્હાલીરે, બગડી ચઢિ ખોટે નાદે. ૧૪.
પરદેશોને તે લાગેરે, જાણે પૈસે પૂર હશે;
પણ પોલા વાંસો વાગેરે, આખર એનું કેમ થશે?! ૧૫.
અવિચારી અભાણ અજ્ઞાનીરે, ખ્યાલ ધરે નહિ તે ચિત્તે;
ખોટા પંડિત અભિમાનીરે, છલકાતા થોડે વિત્ત. ૧૬.
ના દીર્ઘ નજર પ્હોંચાડેરે, દશિ વિશિમાં કેવું થાશે?
તાજું દેખીને લાડેરે, ભવીશમાં ગોથાં ખાશે. ૧૭.
હાલત તો એવી આવીરે, સૂરત કૂરત થઇ ચાલી;
દૈવી બળ કોપ મચાવેરે, શકે ન માનવ કર ઝાલી. ૧૮.
૭ સાત વરસપર રેલેરે, સૂરતને ઘસડી નાંખી;

નિશ્વાસ અતીશે મેલેરે, ગરિબ રહ્યા દુઃખો સાંખી. ૧૯.
મુમ્બાઈના પર ઊપકારીરે, લોકે વ્હાર કરી ત્યારે;
પીડા થોડી નિવારીરે, કૃતજ્ઞ જન તે સંભારે. ૨૦.
એ ઘા ન્હોતો રૂઝાયોરે, તે પ્હેલાં બીજો વાગ્યો;
મકડી વજ્જરનો પાયોરે, જ્વાળામુખી ઝબકી જાગ્યો. ૨૧.
ઓગણીસેં પિસ્તાલીશેરે, ચૈત્ર સુદ છઠ શનિવારે;
બે વાગે ઘોળે દીસેરે, પ્રકટયો દેવ દુરાકારે. ૨૨.

અગ્નિની રણ વિશે ચઢાઇ.

ગરબી.

મલ્હારરાવ કેદીરે બનીઓ. એ રાગ.

પ્રકટયો ભયંકર રૂપ, અગનદેવ કે'ર કરીને;
જાણે યુદ્ધે ચઢયો લંક ભૂપ, પ્રભૂપર વેર ધરીને. ટેક.
બરાનપૂરી ભાગળે, ભાજી જ્યાં વેચાય,
ત્યાંથી ઉત્તરમાં જતાં, થોડે દૂરથી લાગી લાય. અગન. ૧.
ઉકાળવા મૂકયું હતું, ડામર ભર્યું પેર,
સેવામાં ખામી પડી, તેથી વ્યાપ્યુ અગ્નીમાં વેર. અગન. ૨.
દૈવી દેહ તજી ધર્યું, રાક્ષસ કેરૂં રૂપ,
હાહાકાર કરી ચઢયો, જાણે લઢવા અસુર ક્રર ભૂપ. અગન. ૩.
હથીઆરો બહુ જાતનાં, ઘી, લક્કડ ને તેલ,
કામડકૂટી ઝુંપડી, એ સૌએ કીધી એ'ની બેલ. અગન. ૪.
કાટપીટીઆ લોકની, દુકાનોની હાર,
પલટણ તે પાસે ખડી, તેણે માર્યો અતીસેં માર. અગન. ૫.

આસૂરી માયા કરે, નહીં નિયમસર યુદ્ધ.
જે જે આવ્યું ઝડપમાં, તેને પકડી કર્યું નાબૂદ. અગન. ૬.
એક અનેક થઇ ગયા, કીધાં રૂપ અપાર,
જ્યાં જ્યાં જઇ ઉભા રહ્યા, તઇઆર હતાં હથીઆર. અગન. ૭.
ગાંધીની દૂકાનમાં, હતાં વસાણાં જેહ,
ભક્ષીને મજબુત થયાં, તેથી પુષ્ટ બની તેની દેહ. અગન. ૮.
ઘાંચીની દૂકાનથી, પામ્યા પૂજામાન,
ભોજન ઉપર ભાવતું, કીધું તૂપતણું બહુ પાન. અગન. ૯.
વકરાયા વિક્રાળ તે, ઘૂમ્યા સો સો દીશ,
હાથ, લાત ને બાથથી, વાળ્યો દાટ ધરી અતી રીશ. અગન. ૧૦
અદકું હોયે પાત્ર જેહ, દેતાં તેને માન,
ફૂલાઇ ફાલે ઘણું બૂરૂં બમણું, કરે અભીમાન. અગન. ૧૧.
અનેક લીલાં ફળફૂલો, મેવા શાક બજાર,
હોમી નાંખ્યાં પેટમાં, પ્હેર્યાં વસ્ત્ર ઘરેણાં અપાર. અગન. ૧૨.
ચક્કર ગોળાકારએ, ફર્યા દૈત્ય અદભૂત,
જાણે ખાંડવ વન બળે, (અગર) વિશ્વકર્મે રચ્યો દીપકોટ. અગન. ૧૩.
રાજ ગૃહો સમ ત્યાં બળી, હવેલીઓ દસબાર,
બીજાં પણ મ્હોટાં બળ્યાં, સુંદર ઘર સેં ચાર. અગન. ૧૪.
ન્હાનાં મ્હોટાં રંકને, તવંગરોનાં સાર,
બાળી ભસ્મ કર્યાં હશે, સૂમારે ઘર બે હજાર. અગન. ૧૫.
કુંમ્મક કરવા એમની, પવન મિત્ર હરખાય,
રથ હાંકીને લાવતાં, મન મોજાં જહાં લઇ જાય. અગન. ૧૬.
એ રીતે એ અગ્નીએ, હાહાકાર પુકાર,
તોબા તોબા યવનથી, હાય હિંદુ મ્હોથી પડે બ્હાર. અગન. ૧૭.

પાણી પાણીની પડી, બૂમો લાખ કરોડ,
બંબા લઇ જળ દેવ ત્યાં, આવી કાપે અગનીની સોડ. અગન. ૧૮.

દોહરો.

પીપ, કુવા, ટાંકાં થકી, શસ્ત્ર સજીને હાથ;
જળદેવે કમ્મર કસી, લઢવા અગની સાથ. ૧૯.

શાર્દૂલવિક્રીડિત વૃત્ત.

અગની કોટનિ આસપાસ ફરતો, ઘેરો જ ઘાલ્યો જઈ,
બમ્બા બાર દિશાથી આવિ મલિઆ, સામગ્રી સાથે લઈ;
ભાલા માફક આંકડી કર ધરી, ઘોંચે ગૃહોને ગળે,
મિત્રો સૌ જળદેવનાં અગનિને, છુંદે નળીર્થા જળે.—૨૦.

લોકોની ગાભરી સ્થિતિ તથા નાસાનાસ.

ગરબી.

મા પાવાતે ગઢ થકી ઉતર્યાં મહા કાળીરે. એ રાગ.

સંગ્રામ ભયંકર ત્યાં થયો, પ્રકટી હોળી;
ચોરાઇ ગયો બહુ માલ, રૈયતને રોળી. ૧.
કોઇ ગભરાઇ નાસી ગયા, પ્રકટી હોળી;
કોઇ રડવા લાગ્યા રાંક, રૈયતને રોળી. ૨.
કોઇ માલ ખજાનો કાઢતા, પ્રકટી હોળી;
કોઈ નાંખે ટાંકા માંહિ, રૈયતને રોળી. ૩.
કોઈ ખેંચી કાઢે પેટીઓ, પ્રકટી હોળી;
બારીથી ફેંકે બ્હાર, રૈયતને રોળી. ૪.
કોઇ સંભાળે નિજ બાળને, પ્રકટી હોળી;

ઘરડાંનો ઝાલે હાથ, રૈયતને રોળી. ૫.
કોઇ મજૂર માથે ગાંસડા, પ્રકટી હોળી;
ઉઠાવી નાઠા જાય, રૈયતને રોળી. ૬.
લુચ્ચા લોકો ફાવી ગયા, પ્રકટી હોળી;
ચોરે કીધી લખલૂટ, રૈયતને રોળી. ૭.
રાક્ષસ જોઇ હબકી ગયા, પ્રકટી હોળી;
મૂર્છા પામ્યા ગયું ભાન, રૈયતને રોળી. ૮.
કોઇ પોકે પોક મુકી રડે, પ્રકટી હોળી;
કકલાણ કરે કંઇ નાર, રૈયતને રોળી. ૯.
બાળક બીની થયાં બ્હાવરાં, પ્રકટી હોળી,
પાડે ત્યાં ચીસાચીસ, રૈયતને રોળી. ૧૦.
કોઇ કોઇની વાત ન સાંભળે, પ્રકટી હોળી;
સંભાળે સૌ નિજ પ્રાણ, રૈયતને રોળી. ૧૧.
કોઇ શુર નર જાતિ સ્વભાવથી, પ્રકટી હોળી;
મારે અગ્નીપર ઘાવ, રૈયતને રોળી. ૧૨.
બે કદમ હઠાડે આગને, પ્રકટી હોળી;
પાછી આવે કરી રીસ, રૈયતને રોળી. ૧૩.
શૂરાનું પ્રાક્રમ સૌ ગણું, પ્રકટી હોળી;
રાક્ષસનું તેથી અધીક, રૈયતને રોળી. ૧૪.
હારી નર તે પાછો હઠે, પ્રકટી હોળી;
રક્ષે જઇ બીજે ઠામ, રૈયતને રોળી. ૧૫.
પાણીનો માર મરાવવા, પ્રકટી હોળી;
શ્રીમંતે ખરચ્યા દામ, રૈયતને રોળી. ૧૬.
"જરતું ચાહે સો કર," પ્રકટી હોળી;

એ કહેવત થઇ છે સાચ, રૈયતને રોળી. ૧૭.
પૈસાએ કામ ઘણું કર્યું, પ્રકટી હોળી;
શત્રૂને રાખ્યો દૂર, રૈયતને રોળી. ૧૮.

અગ્નિનાં કારણો તથા લોકોએ લીધેલી સાવચેતી.

ગરબી.

ક્યાં ગયોરે પેલો મોરલીવાળો—એ રાગ.

જુલમ કર્યો અગ્ની માતાએ, બહુ બળ ધારી બ્હેકયાંરે,
નરનારીનાં ઘર છિનવીને, શોક વને જઈ ફેંક્યાંરે.
જુલમ. ટેક ૧.

ભોળા, ભાવી શ્રદ્ધા વાળા, હીંદુઓ એમ માનેરે,
"પાપ થયું અવનીપર ત્યારે, માજી ચઢ્યાં તોફાનેરે."
જુલમ, ૨.

માતા ઘર ઘર જઇને ધૂણે, ઢોંગ ઘણા ફેલાવેરે,
કોઇકને વાયુ બ્હેંકાવી, ધુંદથી માથું હલાવેરે,
જુલમ. ૩.

કોઇક નીચ વૃત્તીના માણસ, પેટ માટે કરે ચાળારે,
માતને નામે ધૂતવા કાજે, ઉદ્યોગ આદરે કાળારે.
જુલમ. ૪.

બદમાશી ને હરામખોરો, કાકડા મૂકવા તલપેરે,
કોઇંક દડિઓ ઘરપર નાંખી, છાપરાં બાળે ભડકેરે.
જુલમ. ૫.

કોઇંક વેર પુરવનાં લેવા, તક આ માઠી સાધેરે,
કોઇંક ક્રોધાવશ થઇ કૂડા, પાપ કૂકર્મથી બાંધેરે.
જુલમ. ૬.

કોઇક લુંટા લુંટને માટે, સ્હેલ પડે એમ ધારીરે.
કોઇ મજુરી, ગાડી ભાડું, રોજી જાગશે સારીરે.
જુલમ. ૭.

કોઇક કેવળ સ્વેચ્છા ચારી, બે ઘડી ગંમત જોવારે,
અટક ચાળે આગ લગાડે, સાથે ભળી જાય રોવારે.
જુલમ. ૮.

દેવામાં કોઇ ડુબેલા ગયેલા, દૂર થવા દુખમાંથીરે,
અક્કલ હીણા દે સળગાવી, થાય કુકર્મી સાથીરે.
જુલમ. ૯.

એવી તરેહની અનેક યુકતી, દુઃખિયા દુષ્ટ હરામીરે,
"પેટ બળ્યા ગામ ઉજ્જડ કરતા," વાપરતા બદનામીરે.
જુલમ. ૧૦.

લોક તણા જીવ અધર લટકે, ગભરામણ બહુ થાતીરે,
સ્હેજ જરા બુમસાણ થતામાં, કુટવા મંડે છાતીરે.
જુલમ. ૧૧.

એક દિવસમાં દસ ઠેકાણે, પ્રકટે પાપી હોળીરે,
લોક કહે કાઢી લોકોની, આવી છે એ ટોળીરે.
જુલમ. ૧૨.

માળ ઉપર કે મોભનિ વચ્ચે, ભપ ભડકો લઇ ઉઠેરે,
એકનિ નજરે પડતાં બીજા, દોડે તેની પૂઠેરે.
જુલમ. ૧૩.

રૈયત ચોંકી સાવધ થઇને, ચોકી કરવા જાગીરે,
રાત દિવસ વિશ્રામ ન લીધો, અગ્ની જ્યાં ત્યાં લાગીરે.
જુલમ. ૧૪.

મ્હેલે મ્હેલે ઊઘણાથી, ગોઠવણી કરી નાંખેરે,
જળનાં મ્હોટાં વાસણ ભરીને, ઓટલા ઉપર રાખેરે.
જુલમ. ૧૫.

માટીના ઘટ સો સો મૂક્યા, તત્પર તેની પાસેરે,
બૂમ પડે ત્યાં દોડી જાતાં, અગ્ની ત્યાંથી નાસેરે.
જુલમ. ૧૬.

નાટક કે એ ચેટક માનો, હોશ ગયા છે ઊડીરે,
ધંધા બંધ રહ્યા દસ દીવસ આગે પકડી મૂંડીરે.
જુલમ. ૧૭.

મોકલી દીધો માલ ખજાનો, ગાડાં ભરી પરગામેરે,
કોઈક સૂરત છોડી નાઠા, વસ્યા જઇ અન્ય ઠામેરે.
જુલમ. ૧૮.

સુરતની સૂરત થઈ ઝાંખી, શોકાતુર ઉદાસીરે,
જાણે ક્ષણમાં આવી વળગશે, આગ—યવનની ફાંસીરે.
જુલમ. ૧૯.

અપાર દુઃખમાં દીલાસાનું, સુખ જરા દિલ ભરજોરે,
વર્ણન તેનું ટુંકમાં નીચે, આનંદે ઊર ધરજોરે.
જુલમ. ૨૦.

પરદેશીઓની લાગણી, નામદાર ગવરનર રેયે સાહેબ બહાદુરનું પધારવું તથા કવિના નમ્ર વિચારો.

લાવણી.

ડાકોરમાં ઠાકોર બિરાજે છે. એ રાગ.

સુરત બેનડિ સુત તારા બહુ, બ્હાદુર નર જે ગુણવંતા,
વિદ્યા, યશ, ગુણથી પરકાશિત, દયા શીળ અક્કલ વંતા. ૧.
રહે છે જે પરદેશ વિશે, ધંધો ઉદ્યમ ચાકરિ કરતા,

જન્મ ભૂમી તું માત તેમની, ગર્વ ઊરે તે અતિ ધરતા. ૨.
વેપારી ભારે બહુ વિધથી, લાખો રૂપિયા મેળવતા,
નોકર, મ્હોટા પગારવાળા, બુદ્ધિ દિન દિન કેળવતા. ૩.
ઉદાર મન વૃત્તી વાળા, જે સો સો જાણનાં પેટ ભરે,
આકમ પૂરા સુત એ તારૂં, દુઃખ મને ના કેમ ધરે? ૪.
સંકટ તારૂં સાંભળિ સરવે, ખળ વળિ દોડા દોડ કરે,
હેન્ડબીલ કરી સભા મેળવે, ધીરો જીવ જરા ન ડરે. ૫.
બહુ ઠેકાણે એ પરમાણે, ઉઘરાણાથી વ્હાર કરી,
મુમ્બાઇવાસી સુત તારાએ, શાંતી હજી લગિ નથી ધરી. ૬.
મંડયા છે તે તુજ હિત કાજે, પૂરેપૂરૂં દુઃખ હરવા,
ઇશ્વર સ્હાય કરે તેઓને, નસીબ તુજ માંડે ફરવા. ૭.
સારૂં મ્હોટું ફંડ થાય તો, બંડ આગનું સદા શમે,
પાણી કેરો નળ પેસે તો, કોપ થાય નહિ કોઇ સમે. ૮.
ઉઘરાણાનાં ફંડ વિશેથી, ગરીબને થોડું આપો,
કેવળ અનાથ પાયમાલનું, ભૂખમરાનું દુઃખ કાપો. ૯.
બાકીના ઊંઘરાણા કેરો, ભાગ એકઠો હાથ લઇ,
રાણી માની કરો વીનતી, ગવ્હર્નરની પાસ જઇ. ૧૦.
અમીર **રેચે** જાતે પોતે, નજરે વન નીહાળ્યું છે,
અગ્ની દવે કોપ કરીને, જે ભડકાથી બાળ્યું છે. ૧૧.
કોમળ મનના એ પ્રતિનિધી, રાણીના રે સાહેબજી,
સાંભળતાં દોડી આવીને, શ્રવણ ધરી દિનની અરજી. ૧૨.
સુરતની આ દીન ગતીની, વિનતી નક્કી સાંભળશો
પશ્ચિમની કંપનિની પ્હેલી, *કોઠીને શું નહિ ગણશો? ૧૩.

---

* અંગ્રેજો એ પ્હેલી કોઠી ઇ. સ. ૧૬૧૨માં સુરતમાં ઘાલી હતી.

ત્રીજે ભાગે મદદ કરે જો, રાણીમા આવી વખતે,
ખુટતા મ્યુન્સીપાલ કમેટી, દેવા કાઢી કરે ફતે. ૧૪.
એ રીતે દસ બાર લાખની, ગોઠવણી જો બની જશે,
સુરતમાં નળ ફેરૂં પાણી, આણ્યાથી દુ:ખ દૂર થશે. ૧૫.
વિચાર ગંભીર છે કરવાનો, સુરત માતાને નામે,
બ્હાદૂરીનાં કામ ઘણેરાં, તમે કરો છો બહુ ઠામે. ૧૬.
અર્જુન સુત સૌનાં નામો અહીં, લખાતાં પાર નહીં પામું,
કર્મ કરી નિજ ધર્મ બજાવે, તે સુતને હું શિશ નામું. ૧૭.
શુદ્ધ ભાવથી યત્ન આદરી, ખંત ધરિ મંડયા રહેવાય,
સુરત બાપડી નળ દેખે તો, દીનનાં દુ:ખ હર્યાં કહેવાય. ૧૮.
પુત્ર, પૌત્ર વિર નર જે તારા, પરદેશે પટલાઈ કરે,
તે શું આવી આફતમાં તુંજ, પેટ લાગિને નહીં ભરે ? ૧૯.
શું સાર્થક જનમ્યાનું ત્યારે, સુરત–માત–પેટે ભાઈ,
જનમ મરણ તો ઘણા થાયને, જાય ચિતામાં ઘસડાઈ. ૨૦.
કુલદીપક જે નર નવ નીવડયો, બે ત્રણ પેઢી નહિ તારી,
તે જનમ્યો નહિ જનમ્યા સરખો, મિથ્યા મા ભારે મારી. ૨૧
માટે સુરતિ–માતાજીનું, ટેક ધરી અભિમાન ધરો,
અવસર આવ્યો નહિ ચૂકાવો, બને તેટલું યત્ન કરો. ૨૨.
"અવસર ચૂકયો ભવસર ચૂકયો," કહેવત એ છે ખરેખરી,
આ અવસર તનમન અરપી ધન, લાવો સંપે સ્નેહ કરી. ૨૩.
ભાઈ બધા માતાને કારણ, સંપ કરી એકઠા થાજો,
જુદી જાતની મનો લાગણી, દૂર કરી ભેગા મળજો. ૨૪.
શુદ્ધ દીલની મનવૃત્તીથી, ઉસ્કેરાઈ લખ્યું જરા,
ડાહ્યા જન એ ભૂલ ગણે તો, માફ કરે સંતોજ ખરા. ૨૫.

અગ્નિ શોક તથા લોકોની વર્ત્તણુક.

લલિત વૃત.

કઠણ ક્રોધરે દુષ્ટ દૈવનો, ગજબ આ થયો કોપ આગનો;
સુરતને મહા આપદા પડી, આણચિતિ ખરે આવી એ નડી. ૧.
અકળ છે ગતી ઇશ નેમની, અલપ કાળમાં હાની આ બની;
અકલ શું કરે માનવી તણી, અગન જ્યાં થઇ સામટી ઘણી. ૨.
સુરત હાયરે! રાંક બાપડી, ઉપરથી ચઢી ખાડમાં પડી;
કરમમાં લખી લાવી શું હશે, દિવશ દીનના શી રિતે જશે. ૩.
સરવથી હતી મ્હોટી ભાગળ, નિમિશમાં બળી આગ આગળ;
પલકવારમાં શુ બની ગયું, ઉજડ રાન મેદાન એ થયું. ૪.
નજર દેખતાં નીર નેનથી, કઠણ કાળજેથી વહે અતી;
રૂદન તો કરે રાંક રૈયત, સરવને તહાં જેમ મૈયત. ૫.
મરણ પીડનો એક જાતની, દહન પીડતો સર્વ વાતની
મરણ એક દી એક ઘેરમાં, દહન એક દી સર્વ શેહેરમાં. ૬.
નગર નાકને બાળીને વળી, અવર ભાગમાં કૂદિ તે વળી;
પુરવ મ્હેલ જે દક્ષિણે વળી, રવિ દિને રમી ભૂત આ કળી. ૭;
જન બધા બન્યા શુદ્ધ બાવ્હરા, સમજના પડે થાય ગાભરા.
અકલમંદ સૌ લોકની બની, દિવસ રાતના વાત આગની. ૮.
નહિ બાજું કશુ બોલવું રહ્યું, ભ્રમણ જીવથૈ ભાનતો ગયું;
મથન કો કરે ચિત્ત વાળવા, મનથિ ના ટળે આગની હવા. ૯.
હલકિ વાણ તો ભોળી બાપડી, નરમ થૈ કહે કોપિ માવડી;
ધુળાંત દેવીને માનતા કરે, વચન જે કહે તેજ તે કરે. ૧૦.
ગરમ પાણિએ નાજ ન્હાય તે, પ્રથમ દીનનું ટાઢું ખાય તે;
ઘર થકી વળી બ્હાર નીકળી, જમણ તો કરે આંગણે મળી. ૧૧.

નિયમ વૃત્તમાં ના રહી મણા, હવન માતના તો થતો ઘણા;
અભાણ લોકની એ થઇ ગતી, સમજદારતો વાપરે મતી. ૧૨.
ખરિદ તો કર્યા બમ્બ પાણિના, અગન હોલવે થાય હાનિના;
સુજન શ્રીમતો નીજ બારણે, ખરચિ રાખતા ચોકિદારને. ૧૩.
અવર લોક સૌ કાળજી ધરી, રજનિએ નહીં ઊંઘતા જરી;
સ્વર જરા પડે કાન આગનો, ઘટ ભરી ધસે સર્વ સજ્જનો. ૧૪.
દશ વિતી ગઈ કાળ રાતડી, લગિરના વળ્યો જંપ બે ઘડી;
નરમ તો પડયું જોર આકરૂં, પ્રભુ હવે કરો સૂખ પાધરૂં. ૧૫.

અગ્નિ કયે કયે ઠેકાણે લાગી તેનો હેવાલ.

ગરબી.

અલબેલીરે અંબેમાત જોવાને જઇએ. એ રાગ

અગનીનો આ હેવાલ, હાલ સુણો સઘળા;
કરિ નાંખ્યા છે બે હાલ, કાળ રૂપે નબળા. ટેક.
ડામર દૂકાનેથી ઉઠી, ચાર દીશાગાં ચાલીરે,
ઉત્તરમાં રૂ ટેકરિપર થઇ, પોળ ડકાળી ઝાલી. હાલ. ૧.
કાટપીઠા ઉપર પગ મૂકી, બંગડિવાડે બ્હેકીરે,
બે ત્રણ ગરીબની ઝુંપડિને, મુખથી ફોરી ફેંકી. હાલ. ૨.
રાણીતળાવ ફેરૂં નાકું, લીધી કાંસકીવાડરે,
ડફગરનો લઘુભાગ બળીને, હરિપરા ઉપર પડિ ધાડ. હાલ ૩.
બીજી બાજૂ ચોકસીઓને, અડધા ભેટી અટકીરે,
ઘાંચી માળી ને મુખ ઘાલી, પૂર્વ દિશામાં છટકી. હાલ. ૪.
પીર છડીને ખૂબ પછાડી, ઇશાન ખૂણે નાઠીરે,
જે ઝાપટમાં આવ્યું તેની, હાલત કીધી માઠી. હાલ. ૫.

દારૂનું દરૂં ડરિ થોભી, પાસ અલાયા વાડીરે,
ડોસાભાઈની દવા દેખીને, નરમ પડી ગઈ નાડી. હાલ. ૬.
આ લત્તે પણ એજ દુકાનો, એણે ફોરી મૂકીરે,
સુખડી મેવો શાકનું ભોજન, જમવાને નહિ ચૂકી. હાલ. ૭.
એ બાજૂની ભાગળપરની, દૂકાનોની હારરે,
ડિસ્પેનસરીથી મુક્તિ ફોજ લગી, ફરી કીધો સંહાર. હાલ. ૮.
દક્ષિણ બાજુની સામી ઓળે, જ્યાં નવાપરાનું નાકુંરે,
ત્યાંથી પશ્ચીમ લીંબ ચોક લગી, કામ કર્યું છે પાકું. હાલ. ૯.
એ બે હારે કંસારાને, કાપડીઆનો બહુ માલરે,
પસ્તાગિયાને વળી સરૈયા, સૌમાં પેઠું સાલ. હાલ. ૧૦.
પાન, ગોળ ને લીલા મેવા, વિગેરે સૌ દુકાનરે,
મસીદ મ્હોમાં ઘાલી તેથી, રડતા મૂસલમાન. હાલ. ૧૧.
દક્ષિણ હારનિ પાછળ પણ, વાળ્યો છે કચ્ચરઘાણરે,
બુંદેલાની નવાપરામાં, કીધી દાણા દાણ. હાલ. ૧૨.
કોટ સફીલે નાકાપરની, સામાસામી હારરે,
આગળ હિંગલોક પોળે જાતાં, સર્જ્ડ પામી હાર. હાલ. ૧૩.
જળ રાજાની સેનાએ ત્યાં, કીધું જોર અપારરે,
ખાંડ તણા પાણી હથીઆરે, માર્યો જબરો માર. હાલ. ૧૪.
એ રીતે સૂમારે બે એક, માઈલનો વિસ્તારરે,
નાચી ખુંદી રાક્ષસ મ્હાલ્યો, એટલે આવી વ્હાર. હાલ. ૧૫.

અગ્નિ શાંતીના ઈલાજ.

ઘોળ.

પધારો પિયર ભણી.—એ રાગ.

વ્હાર આવી લશ્કર તૂકડી તણીં; તેણે આવી મચાવ્યો પ્રહાર,
તોડયાં ઘરબાર, હરાવ્યો હરામને. ૧.

જોર લશ્કરે તો ઠીક વાપર્યું; પાણી પંપ લઇ નિજ હાથે
ભિડાવીને બાથ, હરાવ્યો હરામને. ૨.
બળ બમણું દરેકમાં દેખીએ; પાણી પાણી કર્યું પળ માંય,
નજીક ઠેપિ ત્યાંય, હરાવ્યો હરામને. ૩.
યુદ્ધ કળાનો નીયમ એહ છે; જેવી જાતનું શત્રુનું સેન,
કરે અપચેન, હરાવ્યો હરામને. ૪.
તેવી જાતના યોદ્ધાઓ ગોઠવી; કરે શત્રુ સમોવડ જોર,
મચાવવા શોર, હરાવ્યો હરામને. ૫.
ત્યારે શત્રુ હઠીલો હઠે ડરી; જાતે જાતનો ખાઈને માર,
કરતો પોકાર, હરાવ્યો હરામને. ૬.
અગ્ની શત્રુ રાક્ષસ જંગલી સમો; ઊતપાત કરે કદુ તેહ,
બાળે બહુ ગેહ, હરાવ્યો, હરામને. ૭.
તેને જીતવા લશ્કર તૂકડો; તે સમાન બળીષ્ટ ગણાય,
ત્યારે તે હણાય, હરાવ્યો હરામને. ૮.
તેના જેવું રૂપે રૂપ મેળવે; ઠેકી ઠેકી ઠામે ઠામ જાય,
ત્યારે તે મરાય, હરાવ્યો હરામને. ૯.
અગીઆરને સુમારે એ રાતે; એ રાક્ષસને હણી કર્યો ઠાર,
થયો જેજે કાર, હરાવ્યો હરામને. ૧૦.

અગ્નિથી થયલી લોકોની દુર્દશા.

ગરબી.

મહીઆરી ચાલીરે મહી વેચવા. એ રાગ.

અગ્ની દેવે કેર કર્યો એ કારમો,
નાગો થઈને નાચ્યો નિર્લજ નાથજો,

નિર્દય ક્રૂર કઠણ રૂપે બીહામણો,
નર નારીને કીધાં છેક અનાથ જો. અગ્નીદેવે. ટેક ૧.
સાંજ તણું ખાવાનું ખાખ થઈ ગયું,
ભૂખે મરતાં રડવા લાગ્યાં બાળજો,
માબાપ હૈયે ચાંપી આંસૂ ઢાળતા,
ક્યાંથી, શું લાવીને લે સંભાળજો. અગ્ની. ૨.
જઈ પડયાં પાદર જે ઘરવિણુ થૈ ગયાં,
સગાં, સાસરી, પીયર કે મોસાળ જો,
જેના જેહ હશે તે આવી તેમને,
તેડિ સમાવ્યો જન તમ રીતે કાળજો. અગ્ની. ૩.
નિરાધાર નિર્ધન બીચારા જે હતા,
પડી રહ્યા ભૂખે ને તરશે તેમ જો,
કોઈક શ્રીમંત દયાશીળ થૈ ત્યાં ગયા,
ચણા કુમરા આપી કીધી રહેમજો. અગ્ની. ૪.
નક્રૂટ નિર્દય ધનવંતાને ના નડયું,
ગરિબ તણું આ સંકટ સમયે દૂખજો,
એ પાપીનું ધન શા કામે આવશે!
શું ભોગવશે એ ધનનું તે સૂખજો. અગ્ની. ૫.
દાન, ભોગ ને નાશ ગતી ત્રણ વીત્તની,
નહિ દે ને નહિ ભોગવશે નાદાનજો,
તે ધન તસ્કર, અગ્ની કે નૃપ લુંટશે,
પાપી પુણ્ય કરી લેશે નહિ માન જો. અગ્ની. ૬.
જીવતરનું રળતર તે રાખ થઇ ગયું,
સફા થયું સ્હેજે નવ લાગી વારજો,

ગરીબની આંતરડી કલકલતી રહી,
હાય હાય કરતાં મૂકે પોકારજો. અગ્ની ૭.
ભોંય પડયા તે પાછા ક્યારે ઊઠશે ! ! !
મેળવતાં વહિ જાશે ઉમ્મર પારજો,
"કાંકરિ કાંકરિ કરિને બાંધી પાળ એ,"
ક્ષણ ભંગુર ક્ષણમાં ફૂટયાં ઘરબારજો. અગ્ની. ૮.
વેઠ કરે પણ પેટ પૂર મળતુ નથી,
જેમ તેમ કરી ગુજારે દિન ને રાતજો,
એવા રંક તણી સ્થીતી કેવી થઇ ! ! !
આવી પડી માથાપર મોટી ઘાતજો. અગ્ની. ૯.
વિચાર કરતાં શોક મને લાગે ઘણો,
પણ જોતાં પરમેશ્વરનો મહિમાયજો,
"ગરીબનો બેલી" તેતો કહેવાય છે,
નક્કી રંક તણી તે કરશે સહાયજો. અગ્ની. ૧૦.
ધનવંતોના અંતરમાં એ પેસીને,
દયા પ્રેરીને કરાવશે શુભ કામજો,
મદત ગરીબને દેવા બુદ્ધી આપશે,
રહી જશે દુનીઆમાં રૂડું નામજો. અગ્ની. ૧૧.
હાલત જોતાં હૈયું હાલ ભરાય છે,
મેદાનમાં જેને કીધો છે વાસજો,
ઘર પાસે મૂસાફર જેવા થૈ વસ્યા,
માથા ઊપર રાત દીવસ આકાશજો. અગ્ની. ૧૨.
પેઢીગતનાં રાચરચીલાં પરવર્યાં,
ગોઠવિને મૂક્યાંતાં જુગતી ભેરજો,

પેટી, મંજુસ, ઇસ્કોતરિ, ભંડારિયા,
રાક્ષસે વર્તાવ્યો તેપર ફેરજો. અગ્ની. ૧૩.
નવીન ફેશન કોચ, કબાટ તણી ઘણી,
ટેબલ પાછળ ખુરસીઓની હારજો,
છત્રપલંગને રંગિત રૂડા ઢોલીઆ,
એ સૌના આયુષ્યનો આણ્યો પારજો. અગ્ની. ૧૪.
અર્ધ કોટિનો નાશ થયો લેખાય છે,
ઓછું નહિ પણ વ-તું તેથી થાયજો,
દ્રવ્ય ગયું ઉપયોગી સુરત શંકનુ,
મેળવતાં બબ્બે પેઢી વહિ જાયજો. અગ્ની. ૧૫.
ઓ ઇશ્વર કરૂણાનીધી નાહાળજે,
રાંક સુરતનો વળ્યો છે આડો આંકજો,
પડતીથી ચઢતીનાં પગરણ માંડ જે,
ક્ષમા હવે તું કરજે સઘળા વાંકજો. અગ્ની. ૧૬.
રામશંકર સુત કેરી અરજ ઉરે ધરો,
ભગુભાઈ બોલે જોડી બે હાથજો.
સુરત પાસ વસી જાતે જોયું બધું.
દુખ દેખી દાઝું છું દીનાનાથજો. અગ્ની. ૧૭.

સમાપ્ત.